RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક


MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 14, Issue : 321, Dt.04-03-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસ પાર્ટી વધુ તૂટી

## કોંગ્રેસના યુવા નેતા અને પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેરનું કોંગ્રેસમાંથી રાજીનામું: આવતીકાલે બપોરે કેસરિયો ખેસ ધારણ કરશે: મને સૌથી વધુ દુઃખ કોંગ્રેસનું રામ મંદિર પ્રત્યેના વલણનું છે, મેં ભાજપ સાથે કોઈ ડીલ કરી નથી, પક્ષ કહેશે તે કામગીરી કરવા હું તૈયાર: અંબરીશ ડેર

**મુખ્ય સમાચાર, અમદાવાદ**



ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે છેલ્લા બે વર્ષ કરતા વધુ સમયથી કોંગ્રેસના યુવા નેતા અંબરીશ ડેર માટે રૂમાલ રાખીને જગ્યા રાખી છે. માત્ર એટલું જ નહીં, આ વાત તેઓ બબ્બેવાર જાહેર મંચ પરથી કહી ચૂક્યા છે. જો કે આમ છતાં અંબરીશ ડેર ભાજપમાં જોડાવા માટે અવઢવમાં હતા અને કોંગ્રેસને રામ રામ કર્યા નહોતા. પરંતુ હવે તેઓએ પાટીલે ભાજપની બસની સીટ પર રાખેલો રૂમાલ લઈને એ જગ્યા પર બેસી જવા માટે તૈયાર થઈ ગયા છે. આમ લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસને વધુ એક ઝટકો લાગ્યો છે. આજે સવારે એક તરફ અંબરીશ ડેરની પાટીલ સાથે બેઠક ચાલી રહી હતી તો બીજી તરફ કોંગ્રેસે રાહુલ ગાંધીની ગુજરાત યાત્રા અંગે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. જેમાં કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું કે, અંબરીશ ડેરને ૬ વર્ષ માટે કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આમ ડેર રાજીનામું આપે તે પહેલા જ તેમને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. કોંગ્રેસે પાર્ટીમાંથી સસ્પેન્ડ કર્યાના થોડા સમયમાં જ અંબરીશ ડેરે કોંગ્રેસના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપ્યું છે. હવે તેઓ આવતીકાલે સમર્થકો સાથે ભાજપમાં જોડાશે.

રાજીનામું આપ્યા બાદ અંબરીશ ડેરે કહ્યું હતું કે, આવતીકાલે હું ૧૨.૩૦ વાગ્યે ભાજપમાં જોડાઈશ. રાજનીતિમાં આવ્યા બાદ હું પદ પાછળ દોડ્યો નથી. જ્યાં લાગણી હોય ત્યાં સોદા ન હોય. ભાજપ જે પણ જવાબદારી આપશે તે નિભાવીશ. મને સૌથી વધુ દુઃખ કોંગ્રેસનું રામ મંદિર પ્રત્યેના વલણનું છે. મેં કોઈ ડીલ કરી નથી.

અંબરીશ ડેરે કોંગ્રેસના રાષ્ટ્રીય મલ્લિકાર્જુન ખડગેને રાજીનામું મોકલી આપ્યું હતું. આ રાજીનામામાં તેમણે લખ્યું કે, જયહિન્દ સાથે જણાવવાનું કે, હું તમને માહિતગાર કરવા માગું છું, કે વર્તમાન સ્થિતિને ધ્યાને લઈને હું કોંગ્રેસ પાર્ટીના ગુજરાત કોંગ્રેસ પ્રદેશ કાર્યકારી અધ્યક્ષ અને અન્ય તમામ પદ પરથી રાજીનામું આપી રહ્યો છું. ભૂતકાળમાં મેં કોંગ્રેસના બેનર હેઠળ જીત હાંસલ કરી અને લોકોની સેવા કરી છે. તેમાં સહયોગ કરવા બદલ હું કોંગ્રેસ પાર્ટીનો આભાર માનું છું. કૃપા કરીને મારા રાજીનામાનો સ્વીકાર કરજો.

આજે અમદાવાદના સાયન્સ સિટી વિસ્તારમાં અંબરીશ ડેરના ઘરે પાટીલ સાથે મુલાકાત થઈ છે. આ સમયે માયાભાઈ આહિર પણ ત્યાં હાજર હતા. આ મિટિંગમાં ક્યારે રાજીનામુ આપી ક્યારે જોડાવવું એ બધું અત્યારે નક્કી થઇ રહ્યું છે. તેમજ ભાજપમાં જોડાવવા માટે માયાભાઈએ મનાવ્યા હોવાની રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે. આ બેઠકમાં માયાભાઈ આહીર, પ્રદેશ ભાજપ મંત્રી રઘુ હુંબલ, ભાજપ નેતા ભરત ડાંગર સહિત આહીર સમાજના અગ્રણીઓ હાજર રહ્યાં હતા. તેમજ રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ અને રાજુલાના વતની એવા પી.કે.લહેરી પણ હાજર હતા.

# શિયાળાનો કહેર હિમવર્ષા અને વરસાદને કારણે હરિયાણા તેમજ યુપીમાં ૧૨ લોકોના મોત

## જમ્મુ-શ્રીનગર હાઈ-વે બંધ કરાયો: ૨૦૦થી વધુ પ્રવાસીઓ ફસાયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



શિયાળાએ વિદાય વેળાએ કહેર સર્જયો હોય તેમ ભારે હિમવર્ષા-વરસાદ-આંધીથી જમ્મુ-ઉત્તરપ્રદેશ તથા હરિયાણામાં ૧૨ લોકોના મોત નિપજ્યા હતા. હિમાચલમાં બ્લેકઆઉટની સ્થિતિ વચ્ચે ૫૦૦થી વધુ માર્ગો બંધ થઈ ગયા હતા આટલુ જ નહીં હિમસ્ખલનથી ચિનાબ નદીનુ વહેણ પણ અટકી ગયુ હતું. જમ્મુ-શ્રીનગર હાઈવે સતત બીજા દિવસે બંધ રહ્યો હતો.

હવામાન વિભાગના રિપોર્ટ પ્રમાણે ઉત્તરીય પાકિસ્તાન તથા આસપાસના ક્ષેત્રમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને પંજાબ તથા આસપાસના ભાગોમાં લો-પ્રેસરના પ્રભાવ હેઠળ હિમાચલ, લદાખ તથા જમ્મુ-કાશ્મીરમાં ભારે હિમવર્ષા થઈ હતી. ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, બિહાર તથા સિક્કીમાં આંધીના તોફાન સાથે કરા વરસ્યા હતા. પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, મધ્યપ્રદેશ, પુર્વીય રાજસ્થાન, વિદર્ભ, છતીસગઢ, ઝારખંડ જેવા રાજયોમાં હળવો મધ્યમ વરસાદ વરસ્યો હતો.

હિમવર્ષા-વરસાદના કહેરથી જનજીવન પ્રભાવિત થવા ઉપરાંત સરસવ, ઘઉં, મસુર, ચણા જેવા પાકને નુકશાની પણ રિપોર્ટ છે. હિમાચલ પ્રદેશમાં હિમવર્ષાનો કહેર હોય તેમ હવામાન અંતર્ગત ખરાબ બની રહ્યું હતું. લાહૌલઘાટીમાં ૯ તથા કિન્નોરમાં એક સ્થળે હિમસ્ખલન થયુ હતું. લાહૌલમાં હિમસ્ખલન ચિનાબ નદીમાં થતા નદીનું વહેણ અટકી ગયુ છે. અન્યત્ર પણ દુકાનો-મકાનોને નુકશાન થયુ હતું. ૧૦૦થી વધુ લોકો ફસાયા છે.

# સંસદ કે ધારાસભામાં હવે સભ્યો સામે લાંચ લઈ ભાષણ આપવા સામે થશે કાર્યવાહી

## સુપ્રીમ કોર્ટે આપ્યો અતિ મહત્વનો ચુકાદો: સાંસદો તેમજ ધારાસભ્યોને કોઈ કાનૂની રક્ષણ ન મળી શકે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



સંસદ સભ્યો, ધારાસભ્યો દ્વારા વોટ સામે નોટના કેસમાં સર્વોચ્ચ અદાલતે ઐતિહાસિક ચૂકાદો આપ્યો છે અને આવા કિસ્સામાં પ્રજાના પ્રતિનિધિઓને કોઈ કાનુની રક્ષણ ન મળવાનું તથા ફોજદારી કેસ ચાલવાનું જાહેર કર્યુ છે. અદાલતે ૧૯૯૮ના ચૂકાદાને પણ પલ્ટાવી નાંખ્યો છે.

સંસદ કે ધારાસભામાં લાંચ લઈને ભાષણ આપવા અથવા વોટ આપવાના ચર્ચાસ્પદ પ્રકરણમાં મહત્વપૂર્ણ ચૂકાદો આપતા સુપ્રીમ કોર્ટના સાત જજોની બંધારણીય બેંચે સ્પષ્ટ કર્યુ હતું કે આ મામલે સાંસદોને રાહત આપવા માટે અદાલત સહમત નથી. કાનુની રક્ષણ આપવાનો ઈન્કાર કર્યો હતો. કોઈને પણ લાંચ લેવાની છુટ આપી શકાતી નથી અને તેઓની સામે કેસ ચલાવવો જ પડે.

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ ડીવાયચંદ્રચૂડની અધ્યક્ષતા હેઠળની જસ્ટીસ એમ.એમ.સુંદરેશ, જસ્ટીસ જે.વી.પારડીવાલા, જસ્ટીસ મનોજ મિશ્રા, જસ્ટીસ એ.એસ.બોપન્ના, જસ્ટીસ પી.એસ.નરસિમ્હા અને જસ્ટીસ સંજયકુમારની બંધારણીય બેંચે આજે ઉઘડતી કોર્ટે જ સર્વસંમત ચૂકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે ચૂકાદામાં કહ્યું કે બંધારણના અનુચ્છેદ ૧૦૫ અથવા ૧૯૪ હેઠળ લાંચ કે ભ્રષ્ટાચારની છુટ નથી. કારણ કે ભ્રષ્ટાચારમાં ગળાડૂબ સભ્ય એક અપરાધીક કૃત્યમાં ગળાડૂબ થઈ જાય છે. ૧૯૯૮ના ચૂકાદા સામે બેંચ અસહમત છે. ૧૯૯૮માં સાંસદોને વોટ કે ભાષણ દેવાના બદલામાં લાંચ સ્વીકારવા સામે કાનુની રક્ષણ આપતો ચૂકાદો આપવામાં આવ્યો હતો પરંતુ લોકહિતમાં તેનો વ્યાપક પ્રભાવ પડતો હોવાથી તે ચૂકાદાને રદ કરવામાં આવે છે.

સુપ્રીમ કોર્ટે એવી આકરી ટિપ્પણી કરી હતી કે સાંસદો દ્વારા ભ્રષ્ટાચાર અને લાંચ ભારતીય સંસદીય લોકશાહીની કાર્યપદ્ધતિને નસ્ત કરી દે છે. આ સંજોગોમાં સાંસદો તથા ધારાસભ્યો લાંચ કેસમાં કાનુની રક્ષણ મેળવી શકતા નથી. તેઓ સામે લાંચનો આરોપ હોય ત્યારે તેઓ નવિશેષાધિકારથ (કાનુની રક્ષણ)નો દાવો કરી શકતા નથી.

ચૂકાદો આપતા ચીફ જસ્ટીસ ચંદ્રચૂડે કહ્યું કે સાંસદો ધારાસભ્યોને ૧૯૯૮ના ચૂકાદામાં રક્ષણ અપાયુ હતું. પરંતુ આ વિશેષાધિકારની છુટ સાબીત કરવામાં તેઓ નિષ્ફળ રહ્યા છે. બંધારણના અનુચ્છેદ ૧૦૫ અને ૧૯૪માં આવા કાનુની રક્ષણની કોઈ જોગવાઈ નથી. પી.વી.નરસિમ્હરાવ કેસના ચૂકાદામાં જે વ્યાખ્યા કરવામાં આવી છે તે બંધારણના અનુચ્છેદ ૧૦૫ અને ૧૯૪થી વિપરીત છે.

# કેબિનેટની બેઠકમાં વિકસિત ભારત-૨૦૪૭ના વિઝન પર ચર્ચા

## વડાપ્રધાન મોદીના બીજા કાર્યકાળની છેલ્લી બેઠક, આગામી ૫ વર્ષની યોજનાઓ પર મંથન





**મુખ્ય સમાચાર, મુંબઈ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે તેમની મંત્રી પરિષદની બેઠકની અધ્યક્ષતા કરી હતી. જેમાં તેમણે વિકસિત ભારત: ૨૦૪૭ના વિઝનની ચર્ચા કરી હતી. તેમજ આગામી પાંચ વર્ષ માટેના કામ અંગે વિચાર મંથન કર્યું હતું. મોદી સરકારના બીજા કાર્યકાળની આ છેલ્લી બેઠક છે.

સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, એક દિવસીય બેઠક દરમિયાન, મે મહિનામાં નવી સરકારની રચના પછી તાત્કાલિક પગલાં લેવાના ૧૦૦ દિવસના એજન્ડા પર ચર્ચા કરવામાં આવી હતી.

તેમણે કહ્યું કે વિકસિત ભારતનો રોડમેપ બે વર્ષથી વધુની સઘન તૈયારીનું પરિણામ છે અને તે તમામ મંત્રાલયો અને રાજ્ય સરકારો, શિક્ષણવિદો, ઉદ્યોગ સંસ્થાઓ, નાગરિક સમાજ, વૈજ્ઞાનિક સમુદાય અને તેના જેવા સાથે પરામર્શ કરીને તૈયાર કરવામાં આવ્યો છે. પીએમ મોદી સરકારની નીતિઓ પર ચર્ચા કરવા માટે સમયાંતરે સમગ્ર મંત્રી પરિષદની બેઠકો યોજી રહ્યા છે, પરંતુ એપ્રિલ-મેમાં યોજાનારી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને રવિવારે યોજાયેલી બેઠક ખૂબ જ મહત્વપૂર્ણ છે. ચૂંટણી પંચ આગામી ૧૫ દિવસમાં ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી શકે છે.

# શંભુ-ખનૌરી બોર્ડર પર આંદોલન કરી રહેલાં ખેડૂતો ૬ માર્ચે દિલ્હી તરફ કૂચ કરશે: ૧૦ માર્ચે બપોરે દેશભરમાં ટ્રેનો બંધ રહેશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



પંજાબ-હરિયાણાની શંભુ-ખનૌરી બોર્ડર પર આંદોલન કરી રહેલા ખેડૂતો ૬ માર્ચે દિલ્હી તરફ કૂચ કરશે. ૧૦ માર્ચે બપોરે ૧૨ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી દેશભરમાં ટ્રેનો પણ બંધ રહેશે.

આ જાહેરાત રવિવાર (૩ માર્ચ)ના રોજ ભટિંડામાં શુભકરણ સિંહની અંતિમ અરદાસ દરમિયાન મંચ પરથી ખેડૂત નેતા સર્વન સિંહ પંઢેરે કરી હતી.

પંઢેરે કહ્યું કે હરિયાણા-પંજાબના ખેડૂતો ખનૌરી-શંભુ બોર્ડર પર જ વિરોધ કરશે, જ્યારે દેશના બાકીના ખેડૂતો તે દિવસે દિલ્હી પહોંચશે.

પંજાબમાં બિનરાજકીય કિસાન મજદૂર મોરચા અને યુનાઈટેડ કિસાન મોરચાના નેતા પંઢેરે કહ્યું- ૬ માર્ચે હરિયાણા-પંજાબ સિવાય અન્ય રાજ્યોના ખેડૂતો પોતપોતાની રીતે દિલ્હી પહોંચ્યા. ભલે તેઓ ટ્રેન દ્વારા આવે કે પગપાળા.

સરકારનું કહેવું છે કે ખેડૂતો ટ્રેન-બસ દ્વારા દિલ્હી પહોંચી શકે છે, જ્યારે બિહાર-કર્ણાટકથી દિલ્હી જઈ રહેલા ખેડૂતોની પોલીસે ટ્રેન દ્વારા ધરપકડ કરી હતી. ૬ માર્ચની કૂચ એ સ્પષ્ટ કરશે કે શું સરકાર ખેડૂતોને ટ્રેક્ટર ટ્રોલી વિના પણ દિલ્હી આવવા દેવા માગે છે કે નહીં.

પંઢેરે વધુમાં જણાવ્યું હતું કે અત્યાર સુધીના ઈતિહાસમાં ક્યારેય કોઈ ચળવળમાં ડ્રોનનો ઉપયોગ થયો નથી. સરકારે ડ્રોનનો ઉપયોગ કરીને બહારથી ટીયર ગેસના શેલ છોડ્યા હતા. સરકારે હરિયાણા-પંજાબની સરહદને પાકિસ્તાન અને ચીનની સરહદ બનાવી દીધી. તે સરહદો પર વાયરો છે, પરંતુ સરકારે માત્ર પંજાબ-હરિયાણા સરહદ પર દીવાલો ઊભી કરી છે.

# આર્થિક પ્રવૃત્તિમાં વધારા ઉપરાંત આકરા ઉનાળાને પગલે વીજ માગ ઊંચી રહેશે

## ફેબ્રુઆરીમાં દેશમાં ઊર્જા વપરાશમાં આઠ ટકા વૃદ્ધિ જોવા મળી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



દેશમાં ઔદ્યોગિક પ્રવૃત્તિ વધવા સાથે વીજ માગમાં પણ જોરદાર વધારો થઈ રહ્યાનું જોવા મળી રહ્યું છે. સરકારી આંકડા પ્રમાણે સમાપ્ત થયેલા ફેબ્રુઆરીમાં વીજ વપરાશ વાર્ષિક ધોરણે આઠ ટકાથી વધુ વધી ૧૨૭.૭૮ અબજ યુનિટસ રહ્યો છે.

વર્તમાન વર્ષમાં ઉનાળો આકરો રહેવાના અંદાજ તથા ઔદ્યોગિક પ્રવૃત્તિમાં વધારાને જોતા આગામી દિવસોમાં વીજ માગમાં જોરદાર વધારો થવાની ધારણાં રાખવામાં આવી રહી છે.

આ વર્ષે લીપ યરને કારણે ફેબ્રુઆરીમાં ૨૯ દિવસ રહ્યા હોવાથી ગયા વર્ષના ફેબ્રુઆરીની સરખામણીએ વીજ વપરાશનો આંક ઊંચો જોવા મળ્યો હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

ફેબ્રુઆરીમાં વીજની સૌથી વધુ માગ ૨૨૨ ગીગા વોટ રહી હતી. ઉત્તર ભારતમાં તાપમાન નીચું રહેતા અને ઠંડી વધી જતા વીજ માગમાં વધારો જોવાયો હોવાનું માનવામાં આવે છે.

દેશમાં આર્થિક પ્રવૃત્તિમાં વધારા સાથે ઉદ્યોગો તરફથી વીજ માગમાં વધારો જોવા મળવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. આ ઉપરાંત વર્તમાન વર્ષમાં ઉનાળાના પ્રારંભમાં જ ગરમીનો પારો ઊંચે જવાની ધારણાંને જોતા એસી, કુલરના ઉપયોગમાં વધારો થશે જેને કારણે પણ વીજ માગમાં વધારો જોવા મળવાની શકયતા છે.

દેશમાં લોડ શેડિંગ ટાળવા સરકારે ગયા વર્ષે કોલસા આધારિત વીજ પ્લાન્ટસને સંપૂર્ણ ક્ષમતાએ કામ કરવાની સૂચના આપી હતી જે આ વર્ષે પણ જોવા મળી શકે છે.

# ૭મીએ શ્રીનગરમાં મોદીની રેલી, ૩૭૦ રદ થયા બાદ પ્રથમ મુલાકાત

## એક લાખ લોકો રેલીમાં જોડાશે: કાશ્મીરીઓમાં મોદી પ્રત્યેનો વિશ્વાસ વધ્યો છે જે આ રેલીમાં જોવા મળશે : સુનિલ શર્મા

**મુખ્ય સમાચાર, શ્રીનગર**



વડાપ્રધાન નરેન્દ્ર મોદી કલમ ૩૭૦ રદ કર્યા બાદ પ્રથમ વખત શ્રીનગરની મુલાકાત માટે જઇ રહ્યા છે. ભાજપને એવી આશા છે કે મોદીની રેલીમાં એક લાખ લોકો જોડાઇ શકે છે. સાતમી માર્ચે મોદી શ્રીનગરમાં બક્ષી સ્ટેડિયમમાં રેલીને સંબોધશે.

શ્રીનગરમાં મોદીની રેલીને લઇને સ્થાનિક ભાજપ નેતાઓ દ્વારા બેઠક યોજવામાં આવી હતી. ભાજપના જમ્મુ કાશ્મીરના પ્રવક્તા અલ્તાફ ઠાકુરે મીડિયાને જણાવ્યું હતું કે મોદીની રેલીની તૈયારીઓને ધ્યાનમાં રાખીને અમે બેઠક યોજી હતી. અમને આશા છે કે આ મેગા રેલીમાં જમ્મુ કાશ્મીરના એક લાખથી વધુ લોકો જોડાશે.

જ્યારે ભાજપના નેતા અને કાશ્મીરના ઇન્ચાર્જ સુનિલ શર્માએ કહ્યું હતું કે આ એક વિશાળ રેલી હશે, અમે બેઠકમાં તમામ જિલ્લાના પ્રમુખ અને નેતાઓને સામેલ કર્યા હતા.

બેઠકમાં રેલીમાં આવનારા લોકોની સંખ્યા પર ચર્ચા કરવામાં આવી હતી. આ રેલીને લઇને લોકોમાં પણ કુતુહલ છે. શર્માએ દાવો કર્યો હતો કે કાશ્મીરના ગરીબો, મહિલાઓ સહિત તમામ નાગરિકોનો મોદી પરનો વિશ્વાસ વધ્યો છે. વડાપ્રધાન મોદીની રેલીમાં આ વિશ્વાસ જોવા મળશે.

# મોરબીમાં ૨૦૦૬માં આચરેલ ૧ કરોડથી વધુની પાવર ચોરી કેસના તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કરતી સ્પે.ઈલેક્ટ્રીક કોર્ટ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના એડી. ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ(સ્પેશયલ ઈલેક્ટ્રીસીટી)કોર્ટમાંથી સૌરાષ્ટ્રના સૌથી ચકચારી અને સૌથી મોટી ઈલેક્ટ્રીક પાવર ચોરી આશરે રૂ.૧ કરોડ ૧૪ લાખ ૬૯ હજાર રૂપીયાના પાવર ચોરી પ્રકરણમાં તમામ ચારેય આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો આદેશ કરાયો છે.



સમગ્ર વીજ ચોરી કેસની ટૂંક વિગત મુજબ વર્ષ ૨૦૦૬ ની સાલમાં મોરબીના કાર્યપાલક ઈજનેર વી.એમ.પંડ્યા દ્વારા 'રૂબી' સીરામીક ફુવા ખાતે ગેરકાયદેસર રીતે ડ્રાસ્ટ્ઈક ની ભારે દબાણની વીજલાઈનમાં મેજરીંગ કેબલ ટેમ્પર્ડ કરી વીજ પુરવઠો મેળવી વીજ ચોરી કરી 'રૂબી' સીરામીકના ભાગીદાર સંચાલક સ્વ નાથાભાઈ સામતભાઈ ડાભી તથા અન્ય ભાગીદાર સામે આશરે ૧ કરોડ ૧૪ લાખ ૬૯ હજાર રૂપીયા જેટલી રકમની લેખીત ફરીયાદ પોલીસ સ્ટેશને આપેલ હતી, જે ફરીયાદને આધારે આરોપીઓ સામે ઈન્ડીયન ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩ ની કલમ અન્વયે ગુન્હો દાખલ કરેલ અને આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી

ઉપરોક્ત પાવર ચોરી બાબત અંગેનો કેસ મોરબીના એડી. સેસન્સ જજ બુધ્ધ સાહેબની કોર્ટમાં ચાલુ હોય ત્યારે આરોપીઓ તરફે મોરબીના ધારાશાસ્ત્રી દિલીપભાઈ અગેચાણીયા રોકાયેલ હોય. જ્યારે સરકાર તરફથી ફરિયાદી પંડ્યા સાહેબ તથા અન્ય કાર્યપાલક ઈજનેર કે જેઓ રેડ દરમ્યાન હાજર હતા તે તથા તપાસ કરનાર અધીકારી કે.વાળા તમામના ચાલુ કોર્ટમાં નિવેદનો લેવામાં આવ્યા હતા. આરોપીપક્ષના વકીલ દ્વારા ભૂતકાળના સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ રજુ કરીને ધારદાર દલીલ કરવામાં આવી હતી કે આરોપીઓએ કોઈ વીજચોરી કરેલ હોય તેવુ બનેલ નથી અને રેઈડ દરમિયાન હાજર ફરિયાદી અને સાક્ષીઓ દ્વારા કોર્ટ સમક્ષ કબૂલાત કરી કે આરોપી નાથાભાઈ સામતભાઈ સીવાય અન્ય કોઈ આરોપીઓની હાજરીમાં કોઈ કાર્યવાહી થયેલ નથી અને હાલના આરોપીઓ બનાવના સ્થળે હાજર ન હતા. જયારે આરોપી નાથાભાઈ સામતભાઈ ભરવાડ હાલ અવસાન પામેલ છે જયારે અન્ય આરોપીઓ 'રૂબી' સીરામીકના પાર્ટનરના દરજ્જે વહીવટકર્તા હોય તેવુ ફરીયાદ પક્ષ સાબીત કરવામાં તદ્દન નિષ્ફળ રહેલ છે. તેમજ કેબલ વાયરમાં કોઈ મીસચીફ કરવામાં આવે તો મીટર ટેસ્ટીંગમાં જણાય આવે જયારે અહીં ટેસ્ટીંગમાં કોઈ મીસચીફ જણાય આવેલ નથી જેવી દલીલોને અંતે નામ. સ્પેસ્યલ જજ બુધ્ધ સાહેબે આરોપી પક્ષની તમામ દલીલો માન્ય રાખી આ કામના આરોપીઓ મનુભાઈ સામતભાઈ ડાભી, રમેશભાઈ સામતભાઈ ડાભી, મહેશભાઈ નાથાભાઈ ડાભી તથા વિનોદભાઈ નાથાભાઈ ડાભીને નિર્દોષ છોડી મુકવાનો આદેશ કરાયો છે.

# હળવદના સુખપર ગામ નજીક કનૈયા હોટલમાંથી ડીઝલ ચોરી કૌભાંડ ઝડપાયું

## હળવદ પોલીસે બે ટ્રેઈલર, એક બાઈક, ડીઝલના જથ્થા સહીત ૨૦.૪૬ લાખનો મુદામાલ સાથે ૬ આરોપીની અટકાયત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લાના હળવદ તાલુકાના સુખપર ગામ નજીક આવેલ કનૈયા હોટલમાં હળવદ પોલીસ ટીમ દ્વારા દરોડો પાડી ડીઝલ ચોરીનું રેકેટ ઝડપી લઇ ૬ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ટ્રક ટ્રેઈલરની ટાંકીમાંથી ડીઝલ કાઢી ચોરી કરી તેનો સંગ્રહ કરતા ત્યારબાદ બજાર કિંમત કરતા ઓછા ભાવે વેચાણ કરવાના સમગ્ર કૌભાંડનો હળવદ પોલીસ દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે. દરોડા દરમિયાન હળવદ પોલીસે સ્થળ ઉપરથી બે ટ્રેઈલર, એક બાઈક, ડીઝલનો જથ્થા સહીત કુલ ૨૦.૪૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.તથા પકડાયેલ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.



મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા જીલ્લામાં ડીઝલ/પેટ્રોલ ચોરી જેવી ગે.કા. પ્રવુતિ અટકાવવા કડક કાર્યવાહી કરવા સુચના કરેલ હોય જે અનુસંધાને હળવદ પોલીસ મથકના પીઆઈ ડી.એમ.ઢોલને ખાનગીરાહે બાતમી મળેલ કે, સુખપર ગામ નજીક કનૈયા હોટલ ખાતે હોટલ માલિક તથા હોટલના કામદાર ટ્રેઈલરના ડ્રાઈવરો સાથે મળી ટ્રક ટ્રેઈલરના માલિક સાથે વિશ્વાસઘાત કરી ટ્રેઈલરની ડીઝલની ટાંકીમાંથી ડિઝલની ચોરી કરી-કરાવી ડ્રાઇવરો પાસેથી ઓછી કિંમતે ડિઝલની ખરીદી કરી, પોતે ખરીદ કરેલ ડિઝલ હોટલમાં સંગ્રહ કરી, અલગ અલગ વાહનોમાં બજાર ભાવ કરતા ઓછી કિંમતે વેંચી આપી માણસોની જીંદગી જોખમાય તે રીતે ફાયર સેફ્ટીના કોઇપણ સાધનો કે કોઇ લાયસન્સ પરમીટ વગર ડિઝલનો વધુ જથ્થામાં સંગ્રહ કરી હોટલમાં રાખી વેંચાણ કરે છે. જે મળેલ બાતમીને આધારે સુખપર ગામ નજીક કનૈયા હોટલમાં હળવદ પોલીસ ટીમ દ્વારા રેઇડ કરતા ડીઝલ ચોરી કરી રહેલ જયેશભાઈ બાબુલાલ સિંધવ ઉવ.૪૦ રહે.ચોત્રાફળી ભેણીનો ઢાળ હળવદ જી.મોરબી, કિશનભાઈ મગનભાઈ જાદવ ઉવ.૪૦ હાલ રહે.સુખપર ગામ કનૈયા હોટલ તા.હળવદ જી.મોરબી, સરવનસિંહ ગીસાસિંહ રાવત ઉવ.૩૨ રહે.નાબરી તા.ભીમ જી.રાજ સમત રાજસ્થાન, કિશનસિંહ બાબુસિંહ રાવત ઉવ.૨૪ રહે.નાબરી તા.ભીમ જી.રાજ સમત રાજસ્થાન, બલવીરસિંગ માંગુસિંગ રાવત ઉવ.૨૮ રહે.નાબરી તા.ભીમ જી.રાજ સમત રાજસ્થાન, મદનસિંહ મોહનસિંહ રાવત ઉવ.૨૮ રહે.નાબરી તા.ભીમ જી.રાજ સમત રાજસ્થાનને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. જયારે પોલીસે સ્થળ ઉપરથી ૧૧૫ લીટર ડીઝલ, ટ્રેઈલર રજી નં- GJ-12-BW-2620, ટ્રક ટ્રેઈલર રજી.GJ-12-BW-2421, બાઈક રજી.GJ-13-KK-3097, મોબાઈલ ફોન નંગ- ૦૬, પ્લાસ્ટિકના ૧૭ નંગ કેરબા સહીત કુલ કિ. રૂ.૨૦,૪૬,૪૨૦/-નો મુદામાલ કબ્જે કરી તમામ આરોપીઓ સામે આઇપીસીની અલગ અલગ ધારા હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.વધુમાં હળવદ પોલીસ દ્વારા જાહેર જનતા જોગ સંદેશ આપી અપીલ કરવામાં આવી છે કે આપની આજુબાજુમાં કોઈપણ ડીઝલ/પેટ્રોલનો ગેરકાયદેસર સંગ્રહ કરેલ જથ્થો માણસોની જીંદગી જોખમાય તે રીતે ફાયર સેફ્ટીના કોઈપણ સાધનો કે કોઇ લાયસન્સ પરમીટ વગર વેંચાણ કરવાની પ્રવૃત્તિ થતી હોય તો પોલીસ કંટ્રોલરૂમ મોરબી ટેલીફોન નં૦૨૮૨૨ ૨૪૩૪૭૮ ઉપર જાણ કરવા જણાવવામાં આવ્યું છે.

# મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેનું જામનગર એરપોર્ટ ખાતે આગમન થતાં ભાવભીનું સ્વાગત કરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, મહારાષ્ટ્ર રાજયના મુખ્યમંત્રી એકનાથ શિંદેનું જામનગર એરપોર્ટ પર આગમન થતા જિલ્લા વહીવટી તંત્ર જામનગર દ્વારા તેઓનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ, અધિક નિવાસી કલેકટર બી.એન.ખેર સહિતના મહાનુભાવોએ પુષ્પગુચ્છ વડે મુખ્યમંત્રીનું અભિવાદન કરી આવકાર્યા હતા.તેમજ આ તકે શહેર પ્રાંત અધિકારી પી.બી.પરમાર, લાલપુર પ્રાંત અધિકારી એસ.જે.અસવાર તથા ધ્રોલ પ્રાંત અધિકારી વી.ડી.સાકરીયા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન દ્વારા AIFF બ્લુ ક્લબ લીગ ટૂર્નામેન્ટનું મોરબીમાં આયોજન કરાયું





**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન દ્વારા AIFF બ્લુ ક્લબ લીગ એટલે કે બેબીલીગનું મોરબીમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૬ જેટલી ટીમના ૨૦૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો.

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન દ્વારા મોરબી ખાતે ૧૨વર્ષથી નાની ઉંમરના ખેલાડીઓ માટે ફૂટબોલ બેબીલીગનું આયોજન કરાયું છે જેને અદાણી ગ્રુપ દ્વારા સ્પોન્સર કરવામાં આવી છે. મોરબી ખાતે રમાઈ રહેલી ફૂટબોલ બેબીલીગમાં ગ્રીન વેલી ઇન્ટરનેશનલ સ્કૂલની ટીમ ફાઇનલ મેચમાં વિજેતા બની હતી. રનરઅપ ટીમ અને વિજેતા ટીમ બન્નેના ખેલાડીઓને ટ્રોફી આપી અને સન્માનિત કરવામાં આવી હતી.આ તકે મોરબીના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા, યંગ ઇન્ડિયા ગ્રુપના મેન્ટર ડો. દેવેનભાઈ રબારી , જિલ્લા રમતગમત અધિકારી ભીલ ઉપસ્થિત રહ્યા હતા અને ખેલાડીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

# મોરબીમાં વૃદ્ધાશ્રમના વડીલના જન્મદિનની કેક કટિંગ કરી પ્રેરણાત્મક ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં મહારાજા શ્રી લખધીરજી એન્ડાઉમેન્ટ ટ્રસ્ટ સંચાલિત બાજીરાજબા વૃદ્ધાશ્રમના આશ્રમવાસી વડીલના જન્મદિન નિમિતે એન્ડાઉમેન્ટ ટ્રસ્ટના મેઈન સેક્રેટરી મહેન્દ્રભાઈ પોપટ દ્વારા કેક કટિંગ કરીને વૃદ્ધાશ્રમના વડીલના જન્મદિવસની પ્રેરણાત્મક ઉજવણી કરવામાં આવી છે.





મોરબી શહેરના વીસી ફાટક નજીક આવેલ મહારાજા શ્રી લખધીરજી એન્ડાઉમેન્ટ ટ્રસ્ટ સંચાલિત બાજીરાજબા વૃદ્ધાશ્રમમાં રહેતા આશ્રમવાસી વડીલ રમણીકભાઇ કલ્યાણજીભાઇ મિસ્ત્રીના ૭૪માં જન્મદિવસ તથા મોરબી ડિસ્ટ્રિક્ટ નારી અદાલતના કોઓર્ડીનેટર કાજલબેન મનીષભાઈ લોઢીયાનો પણ જન્મદિવસ હોય જેથી શ્રી લખધીરજી એન્ડાઉમેન્ટ ટ્રસ્ટના મેઈન સેક્રેટરી મહેન્દ્રભાઈ પોપટ તથા કાજલબેન લોઢીયા દ્વારા આશ્રમવાસીઓના તમામ વડીલો સાથે મળી કેક કટિંગ કરી ઉજવણી કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વૃદ્ધાશ્રમના દરેક વડીલના જન્મદિવસની મહેન્દ્રભાઈ પોપટ પોતાના સ્વખર્ચે ઉજવણી કરી ધન્યતા અનુભવે છે.

# જામનગર શહેરમાં ગળાફાંસો દ્વારા આત્મહત્યાના બે કિસ્સા બન્યા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં ગળાફાંસ દ્વારા આત્મહત્યાના બે કિસ્સા બન્યા છે. નવાગામ ઘેડમાં રહેતા એક યુવાને પગની બીમારીથી કંટાળી જઈ ગળાફાંસા દ્વારા આપઘાત કર્યો છે. જયારે ખોડીયાર કોલોની સંતોષી માતાના મંદિર પાસે રહેતી એક પરણીતાએ ગળાફાંસા દ્વારા પોતાનો જીવ દીધો છે.જામનગરમાં નવાગામ ઘેડ ગાયત્રી ચોકમાં રહેતા જીતેન્દ્ર ધનજીભાઈ નામના ૩૫ વર્ષના યુવાને ગઈકાલે પોતાના ઘેર પંખા ના હુકમાં ટીવીના કેબલ વડે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.

આ બનાવ અંગે સુરેશ બાબુભાઈ રાણેવાડિયા એ પોલીસને જાણ કરતાં ૧૦૮ની ટુકડી ઘટના સ્થળ દોડી ગઈ હતી, અને તપાસ કરતા જીતેન્દ્ર રાણીવાડિયા નું મૃત્યુ હોવાનું જાહેર કર્યું હતું. પોલીસને સમગ્ર ઘટનાની જાણ કરાતાં પીએસઆઇ કે. એન. જાડેજા ઘટના સ્થળે દોડી ગયા હતાઝ અને મૃતદેહ નો કબજો સંભાળ્યો હતો.પોલીસ પૂછપરછ દરમિયાન મૃતક છેલ્લા ચારેક વર્ષથી પગના ગોળાની બીમારીથી પીડાતા હતા, અને ચાલી શકતા ન હતા. જે બીમારીથી કંટાળી જઈ આ પગલું ભરી લીધાનું જાહેર થયું છે.

આત્મહત્યાનો બીજો બનાવ ખોડીયાર કોલોની રોડ પર સંતોષી માતા ના મંદિર પાસે બન્યો હતો. ત્યાં રહેતી ખીમીબેન લાખાભાઈ બનેજા નામની ૪૫વર્ષની પરણીતાએ કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી છે. જે મામલે સીટી સી. ડિવિઝન ના પોલીસ હેડ કોન્સ્ટેબલ એન.બી. સદાદિયા તપાસ ચલાવે છે

# મહારાજા લખધિરજી એન્ડાઉમેન્ટ ટ્રસ્ટની વાર્ષિક બજેટ બેઠક યોજાઈઃ મંદિરના પ્રશ્નોની ચર્ચા કરાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મહારાજા શ્રી લખધિરજી એન્ડાઉમેન્ટ ટ્રસ્ટ સંચાલિત શ્રી રફાળેશ્વર મહાદેવ મંદિર ચાલે છે. જેની વાર્ષિક બજેટ માટે મિટિંગ મહારાજા લખધિરજી એન્ડાઉમેન્ટ ટ્રસ્ટ ની ઓફિસમાં મળેલી હતી. જે મિટિંગ માં મંદિરને લગતા પ્રશ્નોની વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.



જે મિટિંગમાં કમિટી ના સભ્યો અને ટ્રસ્ટીઓ ડો.બિપીનભાઈ લહેરૂ, રામજીભાઈ અઘારા, મહેન્દ્રભાઈ પોપટ, પરેશભાઈ પંડ્યા, બચુભા રાણા, જીતેન્દ્રભાઈ કોટક, રાજભા ઝાલા, ઋષિભાઇ મેહતા તથા મેનેજર રજનીભાઇ પંડ્યા, અને આસિસ્ટન્ટ મેનેજર કાળુભાઈ બાબુભાઈ પરમાર તમામ સભ્યો તથા ટ્રસ્ટીઓ હાંજર રહ્યા હતા.

# રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી દિયા કુમારી જામનગરની મુલાકાતે

## જામનગરના સુપ્રસિદ્ધ બાલા હનુમાન મંદિરે શીશ ઝુકાવી ધન્યતા અનુભવતા દિયા કુમારી





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી દિયા કુમારી આજરોજ જામનગરની મુલાકાતે છે. ત્યારે દિયા કુમારીએ જામનગર શહેરમાં સ્થિત સુપ્રસિદ્ધ બાલા હનુમાન મંદિરની મુલાકાત લીધી હતી અને મંદિરે પ્રભુ ચરણોમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી.

દિયા કુમારી સાથે ધારાસભ્ય સર્વે મેઘજીભાઈ ચાવડા, દિવ્યેશભાઈ અકબરી, રિવાબા જાડેજા, અગ્રણી સર્વે રમેશભાઈ મુંગરા, ડો.વિમલભાઈ કગથરા તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## વાંકાનેરના વીડી જાંબુડીયા ગામની સીમમાં જુગાર રમતા ત્રણ ઈસમોની અટક

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકા પોલીસે પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન વીડી જાંબુડીયા ગામની સીમમાં આવેલ ભેટ ચોકડી નજીક જાહેરમાં પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા ભીમાભાઇ ગોવિંદભાઇ ઓળકીયા ઉવ.૪૫ રહે.ચુંપણી તા.હળવદ, દીપભાઇ નકુભાઇ ખાચર ઉવ.૩૮ રહે હાલ-વીડી જાંબુડીયા તા.વાંકાનેર મુળ ગામ-રંગપર તા.વાંકાનેર, હમીરભાઇ વાલજીભાઇ કાંજીયા ઉવ.૩૨ રહે.વીડી જાંબુડીયા તા.વાંકાનેરને રોકડા રૂપિયા ૫,૧૦૦/- સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. પકડાયેલ ત્રણેય આરોપી વિરુદ્ધ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં જુગારધારા એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ હતી.

# જામનગર જિલ્લા પંચાયત અને આઈ.સી.ડી.એસ. શાખા દ્વારા વાલીઓ–બાળકોને પ્રોત્સાહન મળે તે હેતુથી નવતર પ્રયોગ હાથ ધરાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં જિલ્લા પંચાયતના પ્રમુખ મેયબેન ગરસરના અધ્યક્ષસ્થાને રાજ્ય સરકારના પ્રોજેક્ટ પા પા પગલી અંતર્ગત વાલીઓ સાથે શિક્ષણ સંવાદોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નારી સંમેલન અને માતા યશોદા એવોર્ડનું આયોજન પણ કરાયું હતું. સરકાર દ્વારા કાર્યરત વિવિધ સરકારી યોજનાઓ વિષે વાલીઓ સાથે સીધો સંવાદ થઈ શકે અને બહોળી સંખ્યામાં વાલીઓને બાળકોના પૂર્વ પ્રાથમિક શિક્ષણની વાત કરી શકાય તે હેતુસર જિલ્લા કક્ષાનો સંવાદોત્સવ કાર્યક્રમ યોજાયો હતો.આ ઉપરાંત, આંગણવાડીના નાના ભૂલકાઓ દ્વારા મોબાઈલના વધતા જતા ઉપયોગ આધારિત અભિનય ગીત રજુ કરવામાં આવ્યું હતું. પ્રિ-સ્કુલ ઈન્સટ્રક્ટર દ્વારા સાંસ્કૃતિક પ્રોગ્રામમાં આંગણવાડીમાં મળતા લાભો આધારિત રંગલા અને રંગલીનું નાટક રજૂ કરવામાં આવ્યું હતું. સાંસ્કૃતિક પ્રોગ્રામમાં ભાગ લીધેલ દરેક બાળકને પ્રોત્સાહનરૂપે ઈનામ આપવામાં આવ્યા હતા. તેમજ પ્રિ-સ્કુલ ઈન્સટ્રક્ટર અને આંગણવાડી કાર્યકરો દ્વારા બનાવવામાં આવેલ ઝકખ- ટીચિંગ લર્નિંગ મટીરીયલ (શીખવા-શીખવવા માટેની શૈક્ષણિક સાધન સામગ્રી) રજુ કરવામાં આવી હતી. નિર્ણાયકો દ્વારા નિરીક્ષણ કરીને ઉત્તમ ઝકખ- ટીચિંગ લર્નિંગ મટીરીયલ બનાવનારને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મુજબ વિજેતા જાહેર કરીને તેમને પ્રમાણપત્ર અને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા હતા. વિશેષમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન- જામનગરના લેક્ચરર ડો. સુરભિ જી. દવેએ વાલીઓને બાળકનો સર્વાંગી વિકાસ અને પુર્વ પ્રાથમિક શિક્ષણનું મહત્વ સમજાવતું વક્તવ્ય રજૂ કર્યું હતું. જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી સોનલબેન વર્ણાગરે દહેજ પ્રતિબંધક કાનૂન વિશે સમજૂતી આપી હતી. ગુજરાત રાજ્ય મહિલા આયોગ- ગાંધીનગર અંતર્ગત નારી અદાલત જામનગર જિલ્લાના કો.ઓડીનેટર ખ્યાતિબેન ભટ્ટ દ્વારા કાનૂની સહાય અને નારી અદાલત વિશે માહિતી અપાઈ હતી. આઈ.સી.ડી.એસ. પ્રોગ્રામ ઓફિસર બી.બી.સુથાર દ્વારા આંગણવાડીમાં બાળકોને મળતા લાભો અંતર્ગત વાલીઓ સાથે પ્રશ્નોતરી કરવામાં આવી હતી. આ પ્રશ્નોત્તરીના અંતે વિજેતા વાલીઓને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવેલ.





સમગ્ર વર્ષ દરમ્યાન જે આંગણવાડી કેન્દ્રની શ્રેષ્ઠ કામગીરી હોય તેવા આંગણવાડી કાર્યકર, હેલ્પર તેમજ મુખ્યસેવિકાને માતા યશોદા એવોર્ડ વર્ષ ૨૦૨૦-૨૧ અર્પણ કરવામાં આવ્યા હતા. તેમજ તેમને રોકડ પુરસ્કાર તેમજ મોમેન્ટો અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં, મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન ભાવનાબેન ભેંસદડીયા, કારોબારી સમિતિના ચેરમેન ચંદ્રિકાબેન અઘેરા, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન ગોમતીબેન ચાવડા, બાંધકામ સમિતિના ચેરમેન પ્રવિણાબેન ચભાડિયા, તાલુકા પંચાયતના પ્રમુખ સંગીતાબેન દુધાગરા, આંગણવાડીના કાર્યકરો તેમજ બહોળી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબી જીલ્લાના ૧૯૯૦ તથા ૧૯૯૨ના વર્ષના કારસેવકોને જલારામ પ્રાર્થના મંદિર દ્વારા સન્માનિત કરાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જલારામ પ્રાર્થના મંદિર દ્વારા વિવિધ પ્રકારની માનવ સેવા કરવામાં આવે છે જેમાં બિનવારસી મૃતદેહના અંતિમસંસ્કાર, વૈકુંઠ રથસેવા, શબવાહિની, મેડિકલ કેમ્પ કુદરતી આફત સમયે માનવ સેવા, નેત્રમણી-નેત્રયજ્ઞ જેવી સેવા પ્રદાન કરવામાં આવે છે ત્યારે અયોધ્યા ખાતે પ્રભુશ્રી રામની પ્રાણપ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ ઉજવવામાં આવ્યો ત્યારે મોરબી જીલ્લાના કારસેવકોને સન્માનિત કરવાની શ્રીજલારામ પ્રાર્થના મંદિરની નૈતિક ફરજ સમજી શ્રી જલારામ પ્રાર્થના મંદિર મોરબી દ્વારા મોરબી જીલ્લાના વર્ષ ૧૯૯૦ તથા ૧૯૯૨ના કારસેવકોનું સન્માન સમારોહનું અનન્ય આયોજન કરવામાં આવ્યું હતું. મોરબી જીલ્લા તથા મોરબી શહેરના કુલ ૯૭ કારસેવકોને સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાએ શ્રી જલારામ પ્રાર્થના મંદિરે ઉપસ્થિત રહી તમામ કારસેવકોને વોલ ક્લોક ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.





MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ઉપલેટા ટોલનાકાના કોન્ટ્રાક્ટરો સામે ભાજપના ગણાતા માથાભારે શખ્શોનો આંતક

## રાજસ્થાનની પેટા કંપનીએ પૈસા ન ચૂકવતા ટોલનાકાના કરોડો રૂપિયાના વાહનો ઉઠાવી જતા ઉપલેટાના માથાભારે શખ્શો : રાજસ્થાની પેટા કોન્ટ્રાકટર સહિત આઠ શખ્સો સામે નોંધાયો ગુન્હો







**મુખ્ય સમાચાર, હરેશ ભાલિયા**

**જેતપુરઃ** જેતપુરથી પોરબંદર સુધી ટોલપ્લાઝા માટે નેશનલ હાઈવે ઓથોરીટીએ આપેલા મુખ્ય કોન્ટ્રકટરે માત્ર રૂટીન મેઈન્ટેનસ માટે રાજસ્થાનની કંપનીને કોન્ટ્રાકટ બાદ રાજસ્થાનની કંપનીએ ઉપલેટાના સ્થાનિક શખ્શોને પેટા કોન્ટ્રાકટ આપી દીધો હતો. પણ રાજસ્થાન્નની કંપનીએ ઉપલેટાના શખ્શોને વેતન, પૈસા ન આપતા ગિન્નાયેલા માથાભારે શખ્શોએ ટોલપ્લાઝાના મૂળ કોન્ટ્રાકરના કરોડોના વાહનોની લુંટ ચલાવી હોવાની ફરિયાદ પોલીસ દફ્દરે અરજી સ્વરૂપે કરાતા ચકચાર જાગી છે.

સમગ્ર બનાવની વાત કરીએ તો જેતપુરથી લઈને પોરબંદર સુધી૧૧૬ કિમી સુધી નેશનલ હાઈવે ઓથોરીટી સાથે થયેલ કન્સેસન એગ્રીમેન્ટ તેમજ ભારત સરકાર દ્વારા ઈસ્યુ થયેલ ગેજેટ મુજબ આ કંપની રૂટીન મેઈન્ટેનસ, મેજર મેઈન્ટેનસ, ટોલ ઓપરેશન તેમજ રોડ સેફ્ટી માટે ૩૦ વર્ષ માટે કરાર કરેલ છે.

બીજીબાજુ ત્રણ ચાર દિવસ દરમિયાન આ મુખ્ય કંપનીના બહુ અગત્યની એવી મશીનરી અને વાહનો કે જે રોડ ઉપર કામ કરતા હોય છે, સમારકામ કરતા હોય તેવા ૧૮ જેટલા વાહનો ઉપલેટાના અમુક માથાભારે શખ્શોએ ગેરકાયદેસર રીતે લુંટ કરીને જપ્ત કરી લીધા છે. મુખ્ય કંપનીના સેકંડ હેડનું કહેવું છે કે કરોડોના વાહનો ઉઠાવી જનાર સાથે મુખ્ય કમ્પનીનને કોઈ લેવા દેવા નથી.

હકીકતમાં ટોલટેક્સ સંભાળનાર મુખ્ય કંપનીએ રાજસ્થાનની એક કંપની છે જેમને રૂટીન મેઈન્ટેનસનું કામ કરાર પ્રમાણે અપાયું હતું. અને આ રાજસ્થાનની કંપનીએ ઉપલેટાના અમુક માથાભારે શખ્શો છે તેઓને પેટામાં કામ આપી દીધું હતું હવે બન્યું એવું કે રાજસ્થાનની કંપનીએ ઉપલેટાના શખ્શોને પેમેન્ટ ન કર્યું એટલે માથાભારે શખ્શોએ મૂળ કંપનીના વાહનો અને મશીનરી જપ્ત કરીને ફાર્મ હાઉસમાં રાખી દેતા રાબેતા મુજબના મેઈન્ટેનસ કામમાં બહુ હાલાકી ઉભી થતી હોવાનું ફરિયાદ અરજીમાં જણાવાયું છે.

### પેટા કોન્ટ્રાકટર રાજસ્થાની શખ્સ સહિત ઉપલેટાના ૮ શખ્સો વિરુધ્ધ નોંધાયો ગુનો

ઉપલેટામાં રહેતાં અને મુળ અમદાવાદના વતની નેશનલ હાઈવે ૨૭ના પ્રોજેકટ હેડ તરીકે નોકરી કરતાં અજયસિંહ અમરસિંહ રાઠોડે ઉપલેટા પોલીસમાં રાજસ્થાનના મામરાજ ગુજર તથા ઉપલેટાના પેટા કોન્ટ્રાકટરનું કામ આપ્યું હોય તેવા જગુ સુવા, ભાવેશ સુવા, રાજન સુવા, યોગેશ સુવા, જયસુખ અને બે અજાણ્યા શખ્સો સહિત ૮ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. જેમાં ઉપરોકત શખ્સોએ શેફવે કન્સેશન કંપનીએ અશોકા ઈન્ફા ટેકને રોડ રૂટીન મેઈટેનન્સનું કામ આપેલ હોય અને આ મામરાજ ગુજર તેના રીપ્રેજેટીવ હોય અને તેઓએ આ કામ લોકલ માણસોને પેટા કોન્ટ્રાકટરમાં આપ્યું હોય જેનું બીલ ન આપ્યું હોય જે બીલની રકમ કઢાવવા કંપનીના ૧૨ વાહનો ઉઠાવી જઈ લૂંટ ચલાવ્યાની ફરિયાદ નોંધવામાં આવી છે. જેના પગલે પોલીસે ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

#### લુંટેલા વાહનો ફાર્મ હાઉસમાં ખડકી દેવાયા

ટોલ પ્લાઝા સંચાલકોનો આક્ષેપ છે કે ઉપલેટાના માથાભારે શખ્શોએ બળજબરીથી નાના મોટા વાહનો અને મશીનરીની લુંટ કરીને એક ફાર્મ હાઉસમાં ખડકી દીધા છે. વાહનો લુંટી જનાર શખ્શો આવો ગુનો કર્યો હોવા છતાં જાણે ફાટીને ધૂમાડે ગયા હોય તેવો આંતક મચાવતા હોવાનો આક્ષેપ થઇ રહ્યો છે.

#### વાહનો લઇ જવાનું કહી કર્યો હુમલો

ટોલટેક્સ સુત્રોએ કહ્યું કે તા. ૧ ની રાત્રીના રાજસ્થાનની કંપનીના મામરાજ નામના શખ્શે ફોન કર્યો હતો કે અમારી સમસ્યા હલ થઇ ગઈ છે હવે તમારા વાહનો લઇ જાઓ. ત્યારે ટીમ સાથે વાહનો લેવા ગયા ત્યારે ઉપલેટાના સાતથી આઠ માથાભારે શખ્શોએ લાકડી અને પાઈપથી હુમલો કરી દેતા ઈજાગ્રસ્ત સ્ટાફને હોસ્પીટલે સારવાર માટે લઇ જવાયા હતા.

#### હુમલાખોર શખ્શો ભાજપના હોવાનો આક્ષેપ

ઈજાગ્રસ્ત યુવાને પોલીસને આપેલી વિગતોમાં હુમલાખોરો ઉપલેટા ભાજપ સાથે જોડાયેલા હોવાનો એટલે કે ઉપલેટા નગર પાલિકાના પૂર્વ પ્રમુખના ભાઈ અને તેમના ખીલે કૂદતા પાલતું માણસો હોવાનો આક્ષેપ કર્યો છે. એટલે કહેવાનું તાત્પર્ય એ છે કે, ભાજપના જ માણસોએ ઉપલેટા શહેર અને પંથકમાં રીતસરની ગુંડાગીરી શરુ કરી છે. પરિણામે ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર દુર કરવા મથતી સરકારના આશય પર પાણી ફરી ગયું હોવાનું સાબિત થતું હોવાના આક્ષેપો થયા છે.

# પરસોત્તમ રૂપાલાને રાજકોટ લોક્સભા બેઠક ફાળવતા અસંતોષનો ચરૂ

## રાજકોટ શહેર ભાજપનો આંતરીક વિવાદ ચરમ સીમાએઃ ઘરના છોકરા ઘંટી ચાટે, પાડોશીને આંટોઃ તુષિત પાણેરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગત તા.૨ માર્ચે સાંજે ભાજપ દવારા લોક્સભાની ચૂંટણી માટે ૧૯૫ ઉમેદવારોના નામોની જાહેરાત કરી જેમાં ગુજરાતની ૧૫ બેઠકનો પણ સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, ૧૫ માંથી ૧૦ ઉમેદવારો સીંટીંગ સાંસદ છે. રાજકોટની બેઠક ફરી એક્વાર કડવા પટેલ ઉમેદવારને ફાળવવામાં આવી છે. પરંતુ આ બેઠક પરથી વર્તમાન સાંસદ મોહનભાઈ કુંડારિયા પતુ કપાતા રાજકોટ શહેર અને જિલ્લાના અનેક ભાજપ અગ્રણીઓના ભવા ખેંચાયા છે. ખાસ કરીને આયાતી ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરસોતમ રૂપાલાને રાજકોટ બેઠક માટે ટીકીટ ફાળવવામાં આવતા અસંતોષનો ચરૂ ઉકળી ઉઠયો છે.

એક મોટા ગજાના ભાજપના નેતાએ આ બાબતે અંદરખાને વિરોધ નોંધાવી હાઈકમાન્ડ સમક્ષ ઘા નાખ્યા છે. રાજકોટ શહેર ભાજપમાં એવો આંતરીક ગણગણાટ છેલ્લા બે દિવસથી જોવા મળી રહ્યો છે કે, શહેર કે જિલ્લામાં એવા કોઈ સક્ષમ નેતા નથી કે અમરેલીના વતનીને આયાત કરવા પડે.

આ સંદર્ભે ગુજરાત કોંગ્રેસના સૌરાષ્ટ્ર-કચ્છ પ્રવક્તા તુષિત પાણેરી જણાવ્યું કે ભાજપના કેન્દ્રીય નેતૃત્વ દવારા લેવાયેલ આ નિર્ણયથી સ્થાનિક નેતાગીરીમાં રોષની લાગણી પ્રવર્તી છે. વધુમાં રાજકોટ શહેર અને જિલ્લાના પ્રબળ દાવેદા મનાતા એક નેતાએ છેલ્લા કેટલાક વર્ષોથી પહેલા ધારાસભા માટે બાદમાં લોક્સભાની ટીકીટ પોતાને મળે તે માટે ગાંધીનગર અને દિલ્હી સુધી લોબીંગ કર્યું હતું પરંતુ ફરી એક્વાર હાઈ કમાન્ડે નિરાસ કરતા તેઓ શાંત બેસી ગયા છે. પાણેરીએ વધુમાં જણાવ્યું કે આયાતી ઉમેદવારને લઈ રાજકોટ ભાજપ દવારા તેઓને કેટલોક સહકાર મળશે તે સમય બતાવશે.

# માંડાડુંગર પાસે હરસિધ્ધિ પાર્કમાં ઘર પાસે રમતી માસુમ બાળકીને અજાણ્યા વાહન ચાલકે ઠોકરે ચડાવતા મોત

## બાળા ઘર પાસે ભાઈ સાથે રમતી હતી, પોલીસે કાર ચાલકની શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં માંડાડુંગર જુનો મહીકા રોડ ઉપર આવેલા હરસિદ્ધિ પાર્કમાં રહેતા પરિવારના માસુમ બાળકો ઘરની ડેલી બહાર શેરીમાં રમતા હતા ત્યારે ભાઈની નજર સામે જ એક વર્ષની માસુમ બાળકીને અજાણ્યા વાહન ચાલકે હડફેટે લેતા કરણ મોત નીપજ્યું હતું.

આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં માંડા ડુંગર જુનો મહિમા રોડ ઉપર આવેલા હરસિદ્ધિ પાર્કમાં રહેતા પરિવારની નિરાલીબેન સંદીપભાઈ ઉર્ફે સાગરભાઈ મેર નામની એક વર્ષની માસુમ બાળકી પોતાના મોટાભાઈ સાથે ઘરની ડેલી બહાર શેરીમાં રમતી હતી ત્યારે અજાણ્યા વાહન ચાલકે ભાઈ સાથે રમતી માસુમ બાળકીને હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો હિટ એન્ડ રનની ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલી માસુમ બાળકીને સારવાર મળે તે પૂર્વે જ મોત નિપજતા પરિવારમાં આરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ બનાવ અંગે આજીડેમ પોલીસને જાણ થતા આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો અને પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતક બાળકીના મૃતદેહને સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક બાળકી એકના એક ભાઈની એકલોતી નાની બહેન હતી અને મોટાભાઈ સાથે રમતી હતી ત્યારે કાળ બનીને ધસી આવેલા વાહન ચાલકે માસુમ બાળકીને કચડી નાખી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે આજીડેમ પોલીસ મથકના પીએસઆઈ એચ.જે. સોલંકી સહિતના સ્ટાફે અકસ્માત સર્જી નાસી છૂટેલા અજાણ્યા વાહન ચાલકને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ગોપાલ સ્નેક્સ લિમિટેડનો પબ્લિક ઈશ્યુ ૦૬ માર્ચના ખુલશેઃપ્રાઈસ બેન્ડ રૂ. ૩૮૧ થી રૂ. ૪૦૧ પ્રતિ ઈક્વિટી શેર દીઠ નિર્ધારિત કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમદાવાદ, ૦૨ માર્ચ, ૨૦૨૪: રાજકોટ સ્થિત ગોપાલ સ્નેક્સ લિમિટેડ (કંપની) એ તેની પ્રારંભિક પબ્લિક ઓફર માટે દરેક રૂ. ૧ ની મૂળ કિમતના ઈક્વિટી શેર માટે પ્રાઈસ બેન્ડ રૂ. ૩૮૧ થી રૂ. ૪૦૧ પ્રતિ ઈક્વિટી શેર નિર્ધારિત કરી છે. કંપનીનું પ્રારંભિક પબ્લિક ઓફરિંગ (આઈપીઓ અથવા ઓફર) ભરણા માટે બુધવાર, ૦૬ માર્ચ, ૨૦૨૪ના રોજ ખુલશે અને સોમવાર, ૧૧ માર્ચ, ૨૦૨૪ના રોજ બંધ થશે. રોકાણકારો ન્યૂનતમ ૩૭ ઈક્વિટી શેર અને તેથી વધુમાં ૩૭ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકશે.




(તસ્વીરઃ આનંદ જાવિયા)

આ સમગ્ર ઈસ્યુ ઓફર ફોર સેલનો છે અને તેની કુલ રકમ રૂ. ૬૫૦ કરોડ જેટલી થાય છે.

ગોપાલ સ્નેક્સ લિમિટેડ (કંપની) પોતાની ગોપાલ બ્રાન્ડ હેઠળ એથનિક સ્નેક્સ, વેસ્ટર્ન સ્નેક્સ તથા અન્ય પ્રોડક્ટ્સ ઓફર કરતી એક ફાસ્ટ મુવિંગ કન્ઝયુમર ગુડ્ઝ કંપની છે. તેની સ્થાપના ૧૯૯૯માં એક ભાગીદારી પેઢી તરીકે કરવામાં આવી હતી અને એ પછી ૨૦૦૯માં તેની કંપની તરીકે નોંધણી કરાઈ હતી.

કંપની પોતાની ગોપાલ બ્રાન્ડ હેઠળ સ્વાદિષ્ટ પ્રોડક્ટ્સની એક વિશાળ શ્રેણી ઓફર કરે છે અને તેમાં નમકીન તથા ગાંઠિયા જેવા એથનિક સ્નેક્સ, વેફર્સ જેવા વેસ્ટર્ન સ્નેક્સ, એક્સટ્રુડર સ્નેક્સ અને સ્નેક પેલેટ્સ તથા પાપડ, તેજાના - મસાલા, બેસન (ચણાનો લોટ), નૂડલ્સ, રસ્ક અને સોન પાપડી જેવા સેમિ-પેરિશેબલ ફાસ્ટ મુવિંગ કન્ઝયુમર ગુડ્ઝનો સમાવેશ થાય છે.

૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજની સ્થિતિ મુજબ કંપનીના પ્રોડક્ટ પોર્ટફોલીઓમાં ૮૪ પ્રોડક્ટ્સ અને ૨૭૬ એસકેયુઝનો સમાવેશ થતો હતો અને તે રીતે કંપની ગ્રાહકોની વિવિધ સ્વાદ તથા પસંદગી મુજબની જરૂરતો પુરી કરે છે. કંપનીએ પોતાની ઉપસ્થિતિ સમગ્ર ભારતમાં સ્થાપિત કરી છે અને તેની પ્રોડક્ટ્સ દસ રાજ્યો તથા બે કેન્દ્ર શાસિત પ્રદેશોના મળી કુલ ૫૨૩થી વધુ સ્થળોએ વેચાણો ધરાવે છે. કંપનીના વિતરણ નેટવર્કમાં ત્રણ ડેપો તથા ૬૧૭ ડિસ્ટ્રિબ્યુટર્સનો અને ૭૪૧ કર્મચારીઓની બનેલી સેલ્સ તથા માર્કેટિંગ ટીમનો સમાવેશ થાય છે.

કંપની ભારતમાં પોતાની છ ઉત્પાદન સુવિધાઓ ધરાવે છે, જેમાં તેની ત્રણ પ્રાથમિક ઉત્પાદન સુવિધાઓ રાજકોટ, મોડાસા અને મહારાષ્ટ્રના નાગપુરમાં આવેલી છે. ત્રણ આનુષાંગિક ઉત્પાદન સુવિધાઓ રાજકોટ (૧,૨) તથા મોડાસામાં આવેલી છે. ગુજરાતમાં આવેલી આનુષાંગિક ઉત્પાદન સુવિધાઓ મુખ્યત્વે બેસન અથવા તો ચણાના લોટના, રો સ્નેક પેલેટ્સના ઉત્પાદન તથા સીઝનિંગ અને સ્પાઈસીસ ઉપર ધ્યાન આપે છે અને આ તમામ વસ્તુઓનો ઉપયોગ કંપનીના પોતાના જ ઉત્પાદનો - ગાંઠિયા, નમકીન તથા સ્નેક પેલેટ્સના ઉત્પાદન માટે તેની પ્રાથમિક ઉત્પાદન સુવિધાઓ ખાતે થાય છે.

આ ઓફર બુક બિલ્ડીંગ પ્રોસેસના માધ્યમથી કરવામાં આવી રહી છે અને તેમાં પ્રમાણસરના ધોરણે ૫૦% થી વધુ નહીં એટલો હિસ્સો ક્વોલીફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સને ફાળવણી માટે પ્રાપ્ય રહેશે, ૧૫% થી ઓછો નહીં એટલો હિસ્સો બિન-સંસ્થાકિય બાયર્સને ફાળવણી માટે પ્રાપ્ય રહેશે તથા ચોખ્ખી ઓફરનો ૩૫% થી ઓછો નહીં એટલો હિસ્સો રીટેઈલ વ્યક્તિગત રોકાણકારોને ફાળવણી માટે પ્રાપ્ય રહેશે.

# વર્લ્ડ હિયરિંગ ડેઃ રાજકોટ ખાતે ''સાંભળશે ગુજરાત, બોલશે ગુજરાત'' કાર્યક્રમનું આયોજન કરાયું

## ચીફ ગેસ્ટ તરીકે બીસીસીઆઈના પૂર્વ સેક્રેટરી નિરંજન શાહ રહ્યાં ઉપસ્થિતઃ અગાઉ સાંભળી ના શકનાર બાળકો કે જેઓ કોક્લિયર ઇમ્પ્લાન્ટથી હવે સાંભળી શકે છે તેઓએ આ કાર્યક્રમની શોભા વધારી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૩ માર્ચના રોજ દર વર્ષે વર્લ્ડ હિયરિંગ ડે તરીકે મનાવાય છે. અને આ દિવસ ઉજવવા પાછળનો ઉદ્દેશ્ય બહેરાશ પ્રત્યે જાગૃતિ અને કાનની સંભાળ રાખવાની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું છે. ડબ્લ્યુ ના એક રિપોર્ટ પ્રમાણે, દર ૧૦૦૦ એ ૪ બાળકને સિવિયર ટુ પ્રોફાઉન્ડ હિઅરીંગ લોસ થાય છે. આ પ્રકારના હિયરિંગ લોસ ઉકેલ માટે કોક્લિયર ઈમ્પ્લાન્ટ એક વરદાન છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે કોક્લિયર ઈમ્પ્લાન્ટ સર્જરી કરાવીને સાંભળવાની શક્તિ મેળવનાર ૨૦૦ જેટલાં બાળકો અને તેમના પરિવારના લોકો મળીને લગભગ ૧૦૦૦ જેટલાં લોકો રાજકોટમાં પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે આયોજિત 'સાંભળશે ગુજરાત, બોલશે ગુજરાત' કાર્યક્રમમાં શોભા વધારી હતી. નાનાં ભૂલકાઓ માટે આયોજિત આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે બીસીસીઆઈના પૂર્વ સેક્રેટરી નિરંજન શાહ ઉપસ્થિત રહ્યાં હતા.




(તસ્વીરઃ આનંદ જાવિયા)

ડો. નીરજ સુરી (કોક્લિયર ઈમ્પ્લાન્ટ સર્જન- ગાંધીનગર) એ જણાવ્યું હતું કે, ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સાંભળી ના શકતા લોકો માટે આશાના કિરણ તરીકે ઉભરી આવી છે, જેણે સાંભળવાની ક્ષતિ ધરાવતા બાળકોના દર્દીઓમાં ૨૨૦૦થી વધુ કોક્લિયર ઈમ્પ્લાન્ટના કેસ કર્યા છે. આ સિદ્ધિ અસંખ્ય વ્યક્તિઓ માટે શ્રવણની ભેટ પુનઃસ્થાપિત કરવા અને જીવનની ગુણવત્તા વધારવાની અમારી પ્રતિબદ્ધતાના પુરાવા તરીકે ઊભી છે. ભારતમાં સાંભળવાની ક્ષતિ એ એક પ્રચલિત ચિંતા છે, જે વિવિધ વય જૂથોના લાખો લોકોને અસર કરે છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ છેલ્લાં ૧૦ વર્ષથી કોક્લિયર ઈમ્પ્લાન્ટ સર્જરી કરી રહ્યું છે

આ વર્ષની થીમ નસ્ત્રબદલાતી માનસિકતાઃ ચાલો કાન અને શ્રવણની સંભાળને બધા માટે વાસ્તવિકતા બનાવીએ થીમ હેઠળ વર્લ્ડ હિયરિંગ ડે મનાવવામાં આવ્યો હતો. આ અંતર્ગત આયોજિત રાજકોટ ખાતે ના કાર્યક્રમમાં માનનીય શ્રી ડો. અર્જુનસિંહ રાણા (વાઇસ ચાન્સેલર ઓફ સ્પોર્ટ્સ યુનિવર્સીટી), ડો. નીરજ સુરી (કોક્લિયર ઈમ્પ્લાન્ટ સર્જન-ગાંધીનગર), માનનીય શ્રી દિલીપભાઈ દેશમુખ (સોસાયટી લીડર, ફાઉન્ડર ઓફ ઓર્ગન ડોનેશન જાગૃતિ) અને માનનીય સુશ્રી ડો. દર્શિતાબેન શાહ (એમએલએ-રાજકોટ) તથા માનનીય શ્રી ચેતેશ્વર પૂજારા (ભારતીય ક્રિકેટર) સહીત અનેક મહાનુભાવોએ ઉપસ્થિત રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

બીસીસીઆઈના પૂર્વ સેક્રેટરી શ્રી નિરંજન શાહે જણાવ્યું હતું કે, નસ્ત્રઅમે માનીએ છીએ કે દરેક વ્યક્તિ શ્રવણની ભેટનો આનંદ માણવાની અને સંપૂર્ણ જીવન જીવવાની તકને પાત્ર છે. આ પ્રકારના કાર્યક્રમ દ્વારા વ્યક્તિઓને વધુ સારી રીતે સાંભળવાની તંદુરસ્તી તરફ સક્રિય પગલાં ભરવા અને સાંભળવાની ખોટ ધરાવતા લોકો માટે વધુ સમાવિષ્ટ અને સહાયક વાતાવરણ બનાવવા માટે પ્રેરણા આપવાની આશા મળી રહે છે. આ નાના બાળકો આજે સામાન્ય બાળકની જેમ બીલી અને સાંભળી શકે છે તે અત્યંત સરાહનીય બાબત છે. નસ્ત્ર

સ્પોટ્ર્સ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર માનનીય શ્રી ડો.અર્જુનસિંહ રાણાએ જણાવ્યું નસ્ત્રદુનિયામાં ઘણા બધા લોકો હજી પણ આ સારવાર લીધા વગર આ રોગથી પીડાતા જોવા મળી રહ્યા છે. જેઓને સમયસર સારવારની જરૂર છે. સમયસર લીધેલ સારવાર તેમની આખી જિંદગી બચાવી શકે છે.. જીવનકાળ દરમિયાન સુનાવણીના નુકસાનને રોકવા અને તેને દૂર કરવા સમયસર પગલાં લેવાની જરૂર છે.સુનાવણી ખોટ એ ભારતનો બીજો સૌથી સામાન્ય વિકલાંગતામાં એક છે. જો તે યોગ્ય સમયે કરવામાં આવે તો તેમાંથી મોટાભાગની સારવાર કરી શકાય છે. જે બાળકો જન્મથી સાંભળવામાં અસમર્થ હોય છે તે ખૂબ બોલતા પણ નથી હોતા જન્મેલા દર ૧૦૦૦ બાળકોમાંથી ૪ બાળકોને સાંભળવાની તીવ્ર ખોટ હોય છે, જેને અદ્યતન શસ્ત્રક્રિયાની જરૂર પડે છે જેને કોકલીયર ઈમ્પ્લાન્ટેશન કહેવામાં આવે છે.

''સાંભળશે ગુજરાત, બોલશે ગુજરાત'' કાર્યક્રમમાં ઉપસ્થિત બાળકોએ વિવિધ વિષયો પર સ્પીચ આપી હતી.

# બાબરામાં ૧.૧૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલ શિક્ષણ સમિતિના શાળા માટેના પ્લોટનું ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે ખાતમૂર્હૂત

**મુખ્ય સમાચાર, આદીલખાન પઠાણ**

**બાબરાઃ** હાલ ગુજરાત સરકાર દ્વારા બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે તેવા ઉમદા હેતુથી સમગ્ર રાજ્યમાં શિક્ષણ વિભાગ દ્વારા તે આધુનિક અને ડિજિટલ ટેકનોલોજી થી શૈક્ષણિક કાર્ય થાય તે માટે શાળાઓના નવા બિલ્ડીંગ, ડિજિટલ સાઇન બોર્ડ કોમ્પ્યુટર શિક્ષણ મળી રહે તે માટે કોમ્પ્યુટર લેબ વિગેરે માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી રહી છે.ત્યારે અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના અમરાપરા ગામે આવેલ પ્લોટ શાળા માટે સરકારશ્રીના શિક્ષણ વિભાગ હેઠળ જિલ્લા શિક્ષણ સમિતિ અમરેલી સંચાલિત પ્લોટ શાળા માટે રૂપિયા ૧ કરોડ ૧૦ લાખના ખર્ચે નવું બિલ્ડીંગ બનાવવામાં આવેલ આ નવનિર્મિત થયેલ બિલ્ડીંગ સાથે શાળામાં બાળકોને ડિજિટલ અને ટેકનોલોજી વાળું શિક્ષણ મળી રહે તે માટે અત્યાધુનિક કોમ્પ્યુટર લેબ તેમજ ડિજિટલ સ્માર્ટ બોર્ડ સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવેલ છે આ નવનિર્માણ પામેલ અત્યાધુનિક સુવિધા





સભર બિલ્ડીંગ તેમજ કોમ્પ્યુટર લેબ તેમજ ડિજિટલ સ્માર્ટ બોર્ડનું લોકાર્પણ લોકપ્રિય અને સતત પ્રયત્નશીલ લાઠી બાબરાના ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવીયા ના વરદ હસ્તે કરવામાં આવેલ હતું.આ અમરાપરા પ્લોટ શાળાના નવનિર્મિત થયેલ બિલ્ડીંગના લોકાર્પણ પ્રસંગે અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ભરતભાઈ સુતરીયા ની પણ વિશેષ ઉપસ્થિતિ રહી હતી.આ લોકાર્પણ પ્રસંગે ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયા દ્વારા જણાવવામાં આવેલ કે શિક્ષણ એ પાયો છે જેમ કોઈ ઈમારતને ઉભી કરવા માટે પાયો મજબૂત જોઈએ તેમ બાળક ને ઘડવા માટે શિક્ષણ આપવું એ બાળકના ઘડતર નો પાયો છે બાળકને શ્રેષ્ઠ શિક્ષણ મળી રહીને માટે અને વિદ્યાર્થીઓ માટે શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે અને આધુનિક સુવિધાઓ સભર શાળાઓ બને અને પ્રાથમિક શિક્ષણથી જ ટેકનોલોજી વાળું શિક્ષણ મળી રહે તે માટે કોમ્પ્યુટર લેબ વગેરે સુવિધાઓ સભર શિક્ષણ મળી રહે તે માટે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાત રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અથાગ પ્રયત્નો કરી રહ્યાં છે.અમરાપરા પ્લોટ શાળા ના લોકાર્પણ પ્રસંગે ધારાસભ્યો જનકભાઈ તળાવીયા અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરીયા શિક્ષણ સમિતિના ચેરમેન રમીલાબેન ભીખાભાઈ ધોરાજીયા જિલ્લા પંચાયત સદસ્ય નીતિનભાઈ રાઠોડ હિંમતભાઈ દેત્રોજા બાબરા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા બાબરા નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ ભાજપ સંગઠનના રાજુભાઈ વિરોજા અજીતભાઈ ખોખરીયા તાલુકા પંચાયત સદસ્ય પ્રતિનિધિ ભરતભાઈ ભારદિયા ગામના સરપંચ પ્રતિનિધિ અશોકભાઈ અસલાલીયા ઉપસરપંચ શીવાભાઈ ગ્રામ પંચાયતના સદસ્યો શાળાના આચાર્ય શાળાનો સમગ્ર શિક્ષક સ્ટાફ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.કાર્યક્રમને સફળ બનાવવા અમરાપરા પ્લોટ શાળાના આચાર્ય તેમજ શાળાના સમગ્ર સ્ટાફ દ્વારા ભારે રહેમત ઉઠાવવામાં આવી હતી...

# મોરબી સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાંથી ચોરી થયેલ બાઈકના તસ્કરને ઝડપી લેવાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાંથી અજાણ્યા વાહન ચોર દ્વારા વધુ એક બાઈકની ચોરી કર્યાની ફરિયાદ મોરબી સીટી એ ડિવિઝનમાં નોંધાઈ છે. ત્યારે પોલીસે ફરિયાદના આધારે અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ગુનો નોંધી અલગ અલગ દિશામાં તપાસ કરતા બાઈક ચોરને ઝડપી લેવામાં સીટી એ ડિવિઝન પોલીસને સફળતા મળી હતી હાલ પોલીસે બાઈક ચોર આરોપીને ઝડપી લઇ આગળની તપાસ ચલાવી છે.

મોરબી તાલુકાના ગુંગણ ગામે રહેતા મૂળ જામનગર જીલ્લાના મકાજી મેઘપરના વતની અશોકભાઈ ડાયાભાઇ પરમાર દ્વારા મોરબી એ ડીવીઝ પોલીસ મથકમાં અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે ગત તા.૨૭/૦૨ના રોજ સવારના અશોકભાઈનું હીરો હોન્ડા કંપનીનું પેશન પ્રો રજી. નં. જીજે-૧૦-બીબી-૦૬૮૪ બાઈક અશોકભાઈના ભાઈ રાજેશભાઈ પરમાર મોરબી સિવિલ હોસ્પિટલ કોઈ કામ સબબ ગયા હોય ત્યારે સિવિલ હોસ્પિટલમાં પાર્ક કરેલ બાઈક કોઈ અજાણ્યા ચોર ઈસમ દ્વારા ચોરી કરી લઇ ગયો હતો. બાઈક ચોરી અંગે પ્રથમ ઈ-એફઆઈઆર નોંધાવ્યા બાદ અશોકભાઈ દ્વારા રૂબરૂ મોરબી સીટી એ ડિવિઝનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ચોર ઈસમ દ્વારા ચોરાયેલ બાઈકની શોધખોળની ત્વરિત કામગીરી હાથ ધરી બાઈક ચોરી કરનાર આરોપી કિશોરભાઇ અમૃતભાઇ તેરૈયા રહે હડમતીયા તા.ટંકારાને ઝડપી લઇ ચોરાયેલા બાઈકની રિકવરી સહિતની કામગીરી હાથ ધરવામાં આવી છે.

